# <u>એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં:૨૫,અમદાવાદ.</u>

ક્રિ.કેસ નં. **102317-23**
આંક:_____

ફરીયાદીઃ સરકારશ્રી
વિરુધ્ધ
આરોપીઃ
કલમઃ ઈ.પી.કો. ૨૭૯ તથા એમ.વી.એકટ કલમ–૧૮૪ વિ. મુજબ

## <u>ઠરાવ</u>

૧. ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપીએ જાહેર રોડ ઉપર પોતાનું વાહન બેદરકારી રીતે હંકારી ઈ.પી.કો. ૨૭૯ તથા એમ.વી.એકટ કલમ–૧૮૪ વિ. મુજબ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

૨. આરોપી આજ રોજ કોર્ટ સમક્ષ હાજર રહેતા આરોપીને ચાર્જશીટના પેપર્સ આપવામાં આવેલ છે અને આરોપીની પ્લી લેતા તેણે સદર ગુન્હાની કબુલાત કરેલ છે. જેથી આરોપીની ગુના કબુલાત અંગે તેને કસુરવાન ઠેરવ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. પરંતુ આરોપી તેના ગુન્હાનો અહેસાસ કરે છે અને ભવિષ્યમાં ફરી આવો ગુન્હો નહી કરે તેવી બાંહેધરી આપે છે, ત્યારે આરોપી ના સંજોગો નીગાહે લેવામા આવેછે અને સુધરવાની તક આપવા માટે સખ્ત સજા નહી કરતા દંડની સજા ફરમાવવાના નિષ્કર્ષ ઉપર આ અદાલત આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવેછે.

## હુકમ

ઈ.પી.કો. ૨૭૯ તથા એમ.વી.એકટ કલમ–૧૮૪ વિ. મુજબ ના ગુન્હા માટે સીઆરપીસી કલમ-૨૫૨ અન્વયે તકસીરવાન ઠેરવવામા આવેછે અને આરોપીને **રૂા.૫૦૦/- (અંકે રૂપીયા પાંચસો પુરા) નો દંડ** તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવામા આવેછે.જો દંડ ન ભરે તો દિન- ૧૦ની સજા કરવામા આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)**
એડી.ચીફ મેટ્રોપોલીટ ન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫,અમદાવાદ.
(Code No. GJ01124)

અમદાવાદ.
તા. ૦૯/૧૨/૨૦૨૩